


## પાલનપુર શહેર રોશનીથી ઝગમગી ઉઠ્યુ, જોરાવર પેલેસ બન્યું સેલ્ફી પોઇન્ટ

આગામી ૨૬મી જાન્યુઆરીએ ૭૦માં પ્રજાસતાક દિનની રાજય કક્ષાની ઉજવણી જિલ્લામથક પાલનપુરમાં થનાર છે. જેને લઈને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે પાલનપુરમાં સરકારી કચેરીઓ અને ઐતિહાસિક ઈમારતો ઝળહળતી રોશનીથી શણગારવામાં આવી છે. પાલનપુરવાસીઓ રોશનીને નિહાળી વિવિધ પ્રકારે સેલ્ફી લઈ સોશિયલ મીડિયા પર વાયરલ કરી રહ્યાં છે. કલેકટર કચેરી, ન્યાયાલય, જિલ્લા પોલીસ વડાની કચેરી પર રંગબેરંગી રોશનીથી ઝગમગથી જોવા મળી રહી છે. જાહેર માર્ગ અને જુદા જુદા સ્થળો પર યુવાનો સેલ્ફી ખેંચતા નજરે પડી રહ્યા છે.

# હિંમતનગરમાં મહાનુભાવોની પ્રતિમાઓની જાળવણીમાં ઠાગાઠૈયા

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગર સહીત જિલ્લાના વિવિધ સ્થળે આવેલી વિભુતીઓની પ્રતીમાઓની ક્યારેક જ સાફસફાઈ કરીને પુષ્પાંજલી અર્પણ કરી યાદ કરવામાં આવે છે. ત્યારબાદ તેની સામે નગરપાલીકા કે તંત્રના અન્ય વિભાગો ધ્યાન આપતા ન હોવાને કારણે આખુ વર્ષ તેના પર પક્ષીઓ બેસી ચરકી જતા હોવાથી ગંદકીથી ઘેરાયેલી રહે છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર સહીત જિલ્લાના વિવિધ સ્થળે ભારતની આઝાદી માટે પ્રાણ ન્યોછાવર કરનાર સપુતો તથા આઝાદીના જંગમાં ફાળો આપનાર મહાન વિભુતીઓની પ્રતિમા પ્રસ્થાપિત કરાઈ છે. આ પ્રતિમાઓ જેના નામની છે ત્યારે તેમની જન્મજયંતી કે મૃત્યુ તિથીએ યાદ કરીને સત્તા લાલસુ તથા પોતાની ખ્યાતી વધારવા માટે સ્વાર્થી નેતાઓ એ દિવસો આવીને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ ફોટા પડાવીને જતા રહે છે.

બીજી તરફ આ સ્વાર્થી નેતાઓ તે સ્થળેથી અનેક વખત નીકળતા હોવા છતાં આ પ્રતિમાઓની સામે નજર સુદ્ધા પણ નાખતા નથી. જાહેર સ્થળો પર મુકાયેલ આ મહાન વિભુતીઓની પ્રતિમા પર પક્ષીઓ બેસીને ચરકી જાય છે. જેના લીધે પ્રતિમાં ગંદી થઈ જાય છે. જેથી કેટલાક બુદ્ધીજીવીઓ એવુ માને છે કે આ મહાન વિભુતીઓની પ્રતિમાની નિયમીત રીતે સાફ સફાઈ થવી જોઈએ. હિંમતનગમરાં ટાવરચોક, પાંચબત્તી સહીત સાત સ્થળે મુકાયેલી મહાન વિભુતીઓની પ્રતિમાઓની સાફ સફાઈ કરવાની જવાબદારી હિંમતનગર પાલીકાની છે.

જે અંગે પાલીકા પ્રમુખ અનિરૂદ્ધભાઈ સોરઠીયાએ જણાવ્યું હતું કે હિંમતનગરમાં આવેલ મહાન વિભુતીઓની પ્રતિમાની નિયમીત સાફ સફાઈ થાય તે માટે પાલીકાની બેઠકમાં વિભાગના અધિકારીઓ તથા સદસ્યો સાથે ચર્ચા કરી આયોજન કરવામાં આવશે. બીજી તરફ પ્રાંતિજ સહીત જિલ્લાના અન્ય સ્થળે આવેલી આ મહાન વિભુતીઓની પ્રતિમાની નિયમીત સાફ સફાઈ થાય તે માટે જરૂર પડે તંત્ર દ્વારા અલાયદુ આયોજન કરી ગમે તે વિભાગને જવાબદારી સોંપવામાં આવે તે જરૂરી છે. અત્યારે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત લોકજાગૃતિ લાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરાઈ રહ્યો છે. ત્યારે જો જાહેર સ્થળે મુકાયેલ વિભુતીઓની પ્રતિમાઓની સાફ સફાઈ ન થાય તો સ્વચ્છતા અભિયાનનો કોઈ અર્થ નથી.

# મોડાસા નગરપાલિકાની ફાયર સેફટી વગર ચાલતા ટ્યુશન ક્લાસીસ, કોમ્પ્લેક્ષ અને ફાસ્ટફૂડ સંચાલકોને નોટિસ

મોડાસા, તા. ૨૪

મોડાસા નગરપાલિકા તંત્ર ૧૫ ઓગસ્ટ પહેલા પ્લાસ્ટિક મુક્ત બનાવવા મોટાપાયે ઉપાડેલ ઝુંબેશનું સુરસુરિયું થયું હોય તેમ



પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ધૂમ વપરાશ થઈ રહ્યો છે. તેજ રીતે મોડાસામાં ગેરકાયદેસર તાણી બંધાયેલ કોમ્પ્લેક્ષ, બિલ્ડીંગ, પાર્કિંગની જગ્યા મુખ્ય વગર બાંધકામ કરનાર બિલ્ડરો અને મકાન ધારકોને આપેલ નોટિસ બાદ જવાબદારોએ નોટિસનું સુરસુરિયું કરી નાખ્યા બાદ નગરપાલિકાતંત્ર દ્વારા સુરત ખાતે ટ્યુશન ક્લાસીસમાં લાગેલી આગમાં ફાયર સેફટીના અભાવે એક નિર્દોષ બાળકનો ભોગ લેવાયા બાદ રાજ્ય સરકારે ફાયર સેફટી અમલવારી માટે તંત્રને પગલે મોડાસામાં ૩૦થી વધુ ધમધમતા ટ્યૂશન ક્લાસીસ સહીત ૫૯ એકમોને નોટિસ પાઠવી લાલ આંખ કરતા નગરપાલિકાની કામગીરીથી સત્વરે વાકેફ નગરજનોમાં ફાયર સેફટીની નોટિસ ફક્ત નોટિસ પૂરતી તો સીમિત નહિ રહેની ચર્ચાએ જોર પકડ્યું છે.

અરવલ્લી જીલ્લામાં પ્રજાજનોની સંખ્યાની સરખામણીમાં ફાયરબ્રિગેડની પૂરતી સુવીધા જ પૂરતી ઉપલબ્ધ નથી. ફાયરસેફ્ટિનો મોટા ભાગની સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંકુલો, કોમ્પ્લેક્ષ, થિયેટર, હોટલ, ગેસ્ટ હાઉસ, હોસ્પિટલ, ટ્યૂશન ક્લાસીસમાં ફાયર સેફટીના નિયમનો ઉલાળિયો કરવામાં આવી રહ્યો છે. ફક્ત દેખાવ પૂરતી અને કાયદાકીય ગૂંચથી બચવા એન.ઓ.સી. લીધી હોય તેમ આગ હોલવવા રાખેલા ફોર્મ સહીતના સાધનો ભંગારની હાલતમાં જોવા મળી રહ્યા છે.

મોડાસા શહેરમાં કોમ્પ્લેક્ષ અને રહેણાંક વિસ્તારો અને કોમર્શિયલ બિલ્ડીંગની દુકાનોમાં ગેરકાયદેસર ૩૦થી વધુ ટ્યૂશન ક્લાસીસમાં બાળકોને ઠાંસી ઠાંસી ભરી તગડી ફી વસૂલી રહ્યા છે. ટ્યુશન ક્લાસીસમાં ફરજીયાત રાજ્ય સરકારે ફાયર સેફટીની સુવિધા ઉભી કરવા તાકીદ કરી હોવા છતાં સંચાલકો ફાયર સેફટી સુવિધા ઉપલબદ્ધ ન કરાવી હોવાની માહિતીના પગલે નગરપાલિકા ચીફ ઓફિસર પ્રણવ પારેખે ૧૧ ટ્યુશન ક્લાસીસ સંચાલકોને નોટિસ ફટકારી ફાયરસેફટી કાયદાનું ઉલ્લઘન કરનારને લાયસન્સ રદ કરવાની ચીમકી ઉચ્ચારી છે. ત્યારે જોવું રહ્યું કે નોટિસની અમલવારી કરાવવામાં નગરપાલિકા તંત્ર કેટલું સફળ રહે છે.

# ડીસા ખાતે રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરાઈ

ડીસા, તા. ૨૪

આજરોજ તાલુકા આરોગ્ય કચેરી, ડીસા ખાતે નેશનલ ગ્લર્સ ચાઈલ્ડ ડે ની ઉજવણી કરવામાં આવેલ હતી. આ અંગે તાલુકા આરોગ્ય કચેરીનો સ્ટાફ, આશાબેનો, આંગણવાડી સ્ટાફ વિગેરેએ આ અંગેનો સંદેશો પ્રજાજનો સુધી પહોંચે તે હેતુથી વિશાળ રેલીનું આયોજન કરી અને રેલી નિકાળેલ હતી. આ રેલીનું પ્રસ્થાન ડીસા સિવિલ સુપ્રિટેડેન્ટ ડૉ. પરમાર અને તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હરીયાણીએ કરાવેલ હતુ.

આ રેલી તાલુકા આરોગ્ય કચેરી ખાતેથી ડીસાના સીટીના વિસ્તારોમાં બેટી બચાવો અને બેટી પઢાવો અંગેના વિશાળ બેનર્સ સાથે નીકળી અને પરત ડીસા તાલુકા કચેરી ખાતે આવેલ હતી. તે બાદ ડૉ. જે.એચ. હરીયાણીએ આ ઉજવણીના સંદર્ભે જણાવેલ કે ૨૦૦૮થી આખા દેશમાં નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે ની ઉજવણી કરવામાં આવે છે અને આનાથી સમાજમાં દીકરીઓ પ્રત્યેના વલણમાં બદલાવ લાવવાનો છે. દીકરીઓ આરોગ્ય, શિક્ષણ અને શારીરિક રીતે સશક્ત બને તેવી સમજણ વાલીઓમાં આવે અને સમાજમાં દીકરીઓની ભાગીદારી દરેક ક્ષેત્રમાં વધે તે અંગેની સમજણ આપવામાં આવી હતી.




## મોડાસામાં નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે ની ઉજવણી નિમીત્તે રેલી યોજાઈ

અરવલ્લી જીલ્લા આરોગ્યતંત્ર દ્વારા મોડાસા શહેરમાં નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે નિમિત્તે જનજાગૃતિ રેલીનું યોજાઈ હતી. મોડાસા તાલુકા હેલ્થ કચેરીથી પ્રસ્થાન થયેલી રેલીમાં જીલ્લા આરોગ્ય વિભાગના કર્મચારીઓ,આશા વર્કર અને નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા બેટી બચાવો, બેટી પઢાવોનો સંદેશ આપવામાં આવ્યો હતો. કર્મચારીઓએ અને નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ ''દીકરી એટલે ઉજાશ'', ''દીકરી એટલે ઈશ્વરના આશિર્વાદ'' અને ''દીકરી એટલે ઘરનો દિવો'' જેવા બેનરો પ્રદર્શિત કરી મોડાસા નગરના વિસ્તારોમાં જનજાગૃતિ રેલી અર્બન હેલ્થ સેન્ટરે પરત ફરી હતી.



## પાલનપુર ખાતે ૨૬ જાન્યુઆરીના ઉજવણીના ભાગરૂપે શહેરના મુખ્ય માર્ગો પર બાઈક સ્ટંટનું આયોજન કરાયું

બનાસકાંઠાના મુખ્યાલય પાલનપુરમાં રાજયકક્ષાના ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરાયું છે. જે માટે તંત્ર દ્વારા પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં આવતીકાલથી બે દિવસ સુધી મુખ્યમંત્રી વિજય રૂપાણી બનાસકાંઠામાં જ રોકાવાના છે. જેમાં ૨૬મી જાન્યુઆરીની સાથે સાથે વિવિધ વિકાસકામોનું પણ ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવાના છે. ત્યારે ૨૬મી જાન્યુઆરીના રોજ પોલીસ દ્વારા વિવિધ કાર્યક્રમો રજુ કરાશે, જેનું આજે પાલનપુર ખાતે રિહલસલ કરાયું હતું. જેમાં પોલીસની સાથે સાથે મહિલા પોલીસ દ્વારા પણ દિલધડક કરતબ રાજુ કર્યા હતા. મુખ્ય માર્ગો પર દિલધડક કરતબ જોવા માટે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા, જ્યારે બાઈક પર ૯, ૧૨ અને ૧૫ જેટલા પોલીસ દ્વારા સ્ટંટ રજુ કરતા લોકોએ રોમાંચનો અનુભવ કર્યો હતો. પોલીસ દ્વારા ૨૬મી જાન્યુઆરી પૂર્વે રિહલસલ કરાયું હતું, જેમાં મહિલા પોલીસ દ્વારા પણ બાઈક સ્ટંટ રાજુ કર્યા હતા. આ કાર્યક્રમ દરમ્યાન જિલ્લા કલેક્ટર સંદીપ સાગલે, જિલ્લા પોલીસ વડા પ્રદીપ સેજુળ, પાટણ જિલ્લા પોલીસ વડા શોભા ભૂતડા પણ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ૨૬મી જાન્યુઆરીના રોજ જાહેર જનતા પણ ઉપસ્થિત રહી કાર્યક્રમને માણે તે માટે કલેક્ટર દ્વારા લોકોને અનુરોધ કરાયો છે અને આનાથી પણ સારો કાર્યક્રમ ૨૬મી જાન્યુઆરીના રોજ થશે. તમામ લોકો આવી કાર્યક્રમને માણે તે માટે જાહેર આમંત્રણ છે.

# આંતરીક મતભેદને લીધે સાબરકાંઠા-અરવલ્લીના સો વિદ્યાર્થીઓ સ્કાઉટની પરીક્ષાથી વંચિત

## જિલ્લા પંચાયત દ્વારા ગ્રાન્ટ અપાતી નથી : રાજ્ય સરકારે પુનઃ પરીક્ષા લેવા માટે આદેશ કરવા જોઈએ

હિંમતનગર, તા. ૨૪

ગુજરાતમાં ઘણા વર્ષોથી બાળકોનું જીવન ઘડતર સારી રીતે થઈ શકે તે આશયથી પ્રાથમિક શાળાથી લઈ હાઈસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ માટે સ્કાઉટની પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. પરંતુ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ચાલતા સ્કાઉટગાઈડ સંઘનું રજીસ્ટ્રેશન રદ થઈ જતા ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ રાજ્ય પુરસ્કારની પરીક્ષાથી વંચિત રહી ગયા છે. જેથી હિંમતનગરના એક વાલીએ આ અંગે તાજેતરમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી પુનઃ પરીક્ષા લેવાની માંગ કરી છે.

આ અંગે હિંમતનગર રહેતા જાગૃત વાલી નિતીન સાધુએ કરેલી લેખિત રજુઆતમાં જણાવ્યા મુજબ સાબરકાંઠા-અરવલ્લીમાં ચાલતા સ્કાઉટગાઈડ સંઘના ચીફ કમિશનર તરીકે અતુલભાઈ દિક્ષીત સેવા આપતા હતા. તેમણે પોતાના કાર્યકાળ દરમ્યાન અનેક પ્રવૃત્તિઓ કરાવી હતી. પરંતુ અગમ્ય કારણોસર રાજ્ય સરકાર સ્કાઉટગાઈડ વિભાગે સાબરકાંઠા-અરવલ્લી સ્કાઉટ ગાઈડ સંઘનું રજીસ્ટ્રેશન રદ કરી દેતા બંને જિલ્લાના અંદાજે ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ ગત ડિસેમ્બર માસમાં લેવાયેલી રાજ્ય પુરસ્કાર પરીક્ષાથી વંચિત રહી ગયા છે. જેના કારણે સ્કાઉટગાઈડની પ્રવૃત્તિમાં જોડાયેલા આ વિદ્યાર્થીઓને વસવસો રહ્યો છે.

જેથી રાજ્ય સરકારે સાબરકાંઠા-અરવલ્લી સ્કાઉટગાઈડ સંઘ રાજ્યના સ્કાઉટ ગાઈડ સંઘના આંતરીક ડખાને કોરણે મુકી આ ૧૦૦ વિદ્યાર્થીઓ માટે પુનઃ પરીક્ષા લેવા માટે આદેશ કરવા જોઈએ જો એમ નહી થાય તો આગામી સમયમાં સાબરકાંઠા-અરવલ્લીના યુવાધન આ પ્રવૃત્તિથી મોઢું ફેરવી લે તો નવાઈ નહી. બીજી તરફ સ્કાઉટગાઈડ પ્રવૃત્તિને વેગ આપવા માટે તથા યુવાઓનું જીવન ઘડતર સારી રીતે થઈ શકે તે માટે જિલ્લા પંચાયત હસ્તકના શિક્ષણ વિભાગ દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવતી હતી. પરંતુ ગત વર્ષે શિક્ષણ શાખા દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવી ન હોવાનો આક્ષેપ આ વાલીએ મુખ્યમંત્રીને કરેલી લેખિત રજુઆતમાં કર્યો છે. જે અંગે સંલગ્ન વિભાગ દ્વારા તપાસ થવી ઘટે.

# અરવલ્લી જિલ્લાના આરોગ્ય વિભાગના ૬૦૦થી વધુ કર્મચારીઓનો ''કાળી પટ્ટી'' સાથે વિરોધ યથાવત

મોડાસા, તા. ૨૪

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા પંચાયત સેવા હેઠળના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ હસ્તકના વિવિધ સંવર્ગના તાલુકા તેમજ જિલ્લા લેવલે ફરજ બજાવતા આરોગ્ય સેવાના કર્મચારીઓના રાજયકક્ષાએ નાણાંકીય તેમજ વહીવટને લગતા પડતર પ્રશ્નોના નિતીવિષયક કોઈ નિર્ણય લેવામાં ન આવતાં ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા ૨૧ જાન્યુઆરીથી જલદ કાર્યક્રમો આપવામાં આવ્યા છે. ત્યારે મોડાસા તાલુકા હેસ્થ ઓફીસના કર્મચારીઓએ પણ કાળી પટ્ટી



ધારણ કરીને પોતાની ફરજો બજાવી હતી. અરવલ્લી જિલ્લાના વિવિધ ૬ જેટલા સંવર્ગના ૬૦૦થી વધું કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો. વિરોધ પ્રદર્શન રાજ્ય સરકાર સામે તેમની પડતર માંગણીઓ જેવી કે પંચાયત સેવાના આરોગ્ય કર્મચારીઓને ટેકનીકલ ગણી તે મુજબનો પગાર વધારો આપવો, ત્રિસ્તરીય માળખું અમલ કરવું તથા બઢતી આપવી, ઝીરો કિલોમીટરે કાયમી મુસાફરી ભથ્થું આપવું, ફિમેલ હેલ્થવર્કર તથા કમ્પાઉન્ડર જેવા નામોમાં સુધારો કરવામાં સહિતની વિવિધ માંગણીઓ માટે ૨૫ જાન્યુઆરી સુધી કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન પછી રાજ્ય સરકાર યોગ્ય નિર્ણય નહિ કરે તો ૨૮ જાન્યુઆરીએ પેન ડાઉન, માસ સીએલ અને અચોક્કસ મુદત હડતાલ પર ઉતારવાની ચીમકી ઉચ્ચારી હતી.

# ભિલોડાના જેસીંગપુર નજીક જીપ ડાલાએ ઓચિંતી બ્રેક મારતા પીડબ્લ્યુડીની સરકારી જીપ અથડાઈ

ભિલોડા, તા. ૨૪

ભિલોડા-શામળાજી રાજ્યધોરી માર્ગ પર આવેલા જેસીંગપુર ગામ નજીક માર્ગ અને મકાન (સ્ટેટ) વિભાગની સરકારી જીપ પસાર થતી હતી ત્યારે આગળ જઈ રહેલ પીક અપ ડાલાના ચાલકે અગમ્ય કારણોસર રોડ વચ્ચે ઓચિંતી બ્રેક મારતા પાછળ ધડાકાભેર સરકારી જીપ અથડાતા અકસ્માતની ઘટના બનતા સરકારી જીપ ખોટકાઈ પડી હતી. સરકારી જીપમાં સવાર કર્મચારીઓનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતના પગલે આજુબાજુમાંથી લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.

ભારતના ગણતંત્રના ૭૦માં પ્રજાસત્તાક દિને સૌ નગરજનો, મિત્રો અને સહદયોને અભિનંદન સહ સમારંભમાં પધારવા સહર્ષ આમંત્રણ છે.

રાજ્ય કક્ષા ધ્વજારોહણ કાર્યક્રમ
સ્થળ : રામપુરા ચોકડી, અંબાજી હાઈવે, પાલનપુર
સમય : સવારે ૮.૩૦ કલાકે

નગરપાલિકા ધ્વજારોહણ કાર્યક્રમ
નગરપાલિકા કાર્યાલય પટાંગણ
સવારે ૧૧.૧૫ કલાકે

સર્વે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી બંને કાર્યક્રમને સફળ બનાવશો.

નિલમબેન એસ. જાની, શાસક પત્રના નેતા, પાલનપુર નગરપાલિકા
દશરથસિંહ જે. સોલંકી, ચેરમેન, કારોબારી સમિતિ, પાલનપુર નગરપાલિકા
હેતલબેન જી. રાવલ, ઉપપ્રમુખ, પાલનપુર નગરપાલિકા
અશોકભાઈ બી. ઠાકોર, પ્રમુખ, પાલનપુર નગરપાલિકા